ગાંધીનગર સમાચાર

તા. ૨૭-૬-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### લોકશાહીનો લિટમસ ટેસ્ટ સાબિત થઈ હતી ઈંદિરાની ઈમર્જન્સી

ઇંદિરા ગાંધીએ એમના વિશ્વાસુ સલાહકાર અને તત્કાલીન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સિદ્ધાર્થ શંકર રેની સલાહથી ૨૫ જૂન, ૧૯૭૫ની મધરાતે દેશમાં પ્રવર્તમાન અંધાધૂંધી નિરારવા કટોકટી જાહેર કરી દીધી, એમણે ૨૬ જૂનની સવારે પ્રજાજોગ વાયુ પ્રવચનમાં જણાવ્યું હતું કે 'રાષ્ટ્રપતિએ' દેશ હિતમાં આ પગલું લીધું છે અને એથી કોઇએ આતંકિત થવાની જરુર નથી. જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ ઇંદિરા વિરોધી પરીબળો એક મંચ પર આવી ગયાં હતા અને 'જે.પી.'ના હુલામણા નામે ઓળખાતા પ્રખર સમાજવાદી નેતાએ આગ ઝરતી વાણીમાં કોંગ્રેસની ભ્રષ્ટાચારી સરકારને ઉખાડી ફેંકવાની હાકલ કરી હતી. પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં લાખોની ભીડ એકઠી થઇ હતી. જે.પી. એ. તો સેનાને પણ દેશહિતમાં પ્રજા સાથે રહેવાની અને સરકારના આદેશો નહીં માનવાની અપીલ પણ કરી દીધી હતી. જયપ્રકાશ નારાયણ જેવા સર્વતોભદ્ર લોકનાયકના નેતૃત્વ હેઠળ દેશ આખો ઇંદિરા ગાંધીની નીતિ રીતિ પ્રત્યે વિરોધ પ્રદર્શિત કરવા લાગ્યો હતો એથી અકળાઇને ઇંદિરા ગાંધી એમના રબર સ્ટેમ્પ રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદ પાસે દેશમાં કટોકટી લાદવાના સરકારી ફતવા પર સહી કરાવી દીધી હતી. એ પછી શું થયું તે દેશ આખો જાણે છે. કટોકટીએ રાષ્ટ્રને નવું નેતૃત્વ પૂરું પાડ્યું હતું. અખબારોએ તંત્રીલેખો કોરા મૂકી એમનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જે.પી. જેવા વયોવૃદ્ધ નેતાની પીઠ પર પડેલી પોલીસની લાઠીમાંથી હિંદી હાર્ટલેન્ડની નવુયવાન પેઢી ઉશ્કેરાઇ ગઇ હતી. રાતોરાત 'મિસા' હેઠળ ધરપકડ દોર શરુ થયો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે એમ દેશ આખો વિશાળ જેલખાનામાં ફેરવાઇ ગયો હતો. ક્યારેક વડાપ્રધાન પદ માટે નહેરુનો વિકલ્પ મનાતા જયપ્રકાશ નારાયણે પક્ષરહિત લોકશાહીના અવ્યવહારું વિચાર સાથે સક્રિય રાજકારણને તિલાંજલી આપી રચનાત્મક સર્વોદય પ્રવૃત્તિ સાથે સંકળાવાનો નિર્ણય કરેલો એ જ લોકનાયકની છત્રછાયા હેઠળ પરસ્પર વિરોધી - સામા છેડાની વિચારસરણીવાળા રાજકીય પક્ષો એક મંચ પર આવી ગયા હતા. મોરારજી દેસાઇ, ચરણસિંહ અને જગજીવનરામ જેવા ધરખમ નેતાઓ ઉપરાંત એમાં યંગ તુર્ક તરીકે ઓળખાતાં ચંદ્રશેખર, કૃષ્ણકાંત અને મોહન ધારિયાની ત્રિપુટી પણ હતી તો વળી અટલબિહારી વાજપેયી અને અડવાણી જેવા જનસંઘી પણ હતા. બધાને એક પાર્ટીમાં સાંકળીને 'જનતા પાર્ટી' ની રચના કરવામાં આવી હતી. ઇંદિરા ગાંધીને સૌથી મોટું નુકશાન એમના વંઠેલ પુત્ર સંજય ગાંધીએ પહોંચાડ્યું હતું. ફરજિયાત નસબંધીની ધૂન તેમજ તુર્કમાન ગેટ પાસેની ઝૂંપડપટ્ટી પર બુલડોઝર ફેરવી દેવા જેવા જઘન્ય અપકૃત્યોથી લોકનજરમાં એમની છાપ ઘાતકી રાજકુમાર જેવી અથવા કહો કે હિટલર જેવી ઊભી થઇ હતી. આખરે એકવીસ મહિનાને અંતે ચૂંટણી આવી ત્યારે કોંગ્રેસ પર જે.પી.નુ સ્ટીમ રોલર ફરી વળ્યું હતું. ખુદ ઇંદિરા ગાંધી અને સંજય ગાંધી એમની પરંપરાગત બેઠકો પરથી બૂરા હાલે હારી ગયા હતા. આપણા કેટલાક વર્તમાન નેતાઓ આ કટોકટીની જ પેદાશ છે. શંકરસિંહ વાઘેલાથી લઇ લાલુ-નીતિશ પર્યંત આ યાદી લંબાયેલી છે. ઇંદિરા ગાંધીએ લાદેલી ઇમર્જન્સી ભારતીય લોકશાહી માટે લિટમસ ટેસ્ટ સાબિત થઇ હતી. નરેન્દ્ર મોદીએ સંઘના સ્વયંસેવક તરીકે કટોકટીકાળમાં બજાવેલ જાસૂસી સેવાઓનો બદલો ચાર દાયકાને અંતે વડાપ્રધાન પદ સ્વરુપે મળ્યો છે, તે બાબત જ કેટલી રોમાંચક છે! પરંતુ કટોકટીકાળના જનસંઘી નેતા અડવાણીને ચાર દાયકા પછીની રાજકીય ચર્ચામાં નિમંત્રણ નહીં આપીને ચર્ચા અને ચિંતા ઉભી કરી છે.

# વિજ્ઞાનની માહિતી આપતો સન્ડે વીથ સાયન્સ કાર્યક્રમ શરૂ

## સે-૨૩ નિસર્ગ સેન્ટર દર રવિવારે વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરાવી બાળકોને સાયન્સની માહિતી પીરસાય છે

ગાંધીનગર, તા.૨૬

આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. દુનિયામાં દરરોજ નવી નવી શોધો થઈ રહી છે. આ નવી શોધો અને નવીનતમ ટેકનોલોજીના કારણે માનવજીવનમાં ખુબ મોટા ફેરફાર થયા છે. આ ફેરફારો વિજ્ઞાનમાં થયેલા વિકાસને કારણે શકય બન્યા છે. વિદ્યાર્થીઓમાં બાળપણથી જ વિજ્ઞાનમાં રસ અને રૂચિ કેળવાય તેમનામાં વૈજ્ઞાનિક વલણનો વિકાસ થાય તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર રવિવારે 'સન્ડે વિથ સાયન્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

સન્ડે વિથ સાયન્સ કાર્યક્રમમાં દર રવિવારે ગાંધીનગરની જુદી જુદી શાળાના ધોરણ ૫થી ૧૦ સુધીનાં વિદ્યાર્થીઓ આવે છે. તેમના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગો જાતે કરે છે અને પ્રયોગો દ્વારા વિજ્ઞાનને શીખે છે. સાયન્સ વર્કશોપ, સાયન્સ સેમિનાર, સાયન્સ ફિલ્મ વગેરેમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. રાજય કક્ષાની અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ, નેશનલ સાયન્સ સેમીનાર, રૂરલ આઈટી કવિઝ, ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, વેસ્ટર્ન ઈન્ડિયા સાયન્સ ફેરમાં પણ વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આધુનિક વિજ્ઞાનના વિકાસ માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નવતર સીડી લાયબ્રેરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. લાયબ્રેરીમાં વિજ્ઞાનના જુદા જુદા વિકસીત દેશોની ૩૦૦ જેટલી સીડી વિદ્યાર્થીઓ પોતાના ઘરે લઈ જઈને જોઈ શકે છે. વિજ્ઞાનના વિવિધ માસિક, પખવાડીક, મેગેઝીન જેવા કે સફારી, વિજ્ઞાન દર્શન, વિજ્ઞાન વાણી, તેમજ અન્ય વિજ્ઞાનના પુસ્તકો પણ વિદ્યાર્થીઓ ઘેર લઈ જઈને વાંચી શકે છે.

બાળકો વર્ષ દરમિયાન સાયન્સ એકસપોઝર ટુરમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝ, વિજ્ઞાનની સંસ્થાઓ ઈસરો, પીઆરએલ વગેરેની પણ મુલાકાત લે છે. ઉપરાંત વર્ષ દરમિયાન ઉજવાતા વિવિધ દિવસો જેવા કે ધરતી દિન, રાષ્ટ્રીય પર્યાવરણ દિવસ, રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ, આંતરરાષ્ટ્રીય ઓઝોન પડ જાળવણી દિન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ, સૂર્યદિનમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને આ દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ સ્પર્ધાઓમાં પણ ભાગ લે છે. વધુ માહિતી માટે સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટરનો સંપર્ક કરવો.





## માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીએ ગંદકીનું સામ્રાજ્ય

આજથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીએ બોર્ડની પરીક્ષાની ઉત્તરવહીઓના મુલ્યાંકનનો પ્રારંભ કરાયો હતો. પરંતુ આ કચેરીના સંકુલમાં ખાસ કરીને જયાંથી ડુપ્લીકેટ માર્કશીટ, માઈગ્રેશન સર્ટિફિકેટ વગેરે માટેના ચલણ ઈશ્યુ કરાય છે તે બારી પાસેના જ કેમ્પસમાં અઢળક ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. આ ગંદકી જોઈને કચેરી આવી રહેલા મુલાકાતીઓમાં પ્રશ્નો ચર્ચાઈ રહ્યા હતા કે 'અહીં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું નહીં હોય?' કચેરીના અધિકારીઓ કે કર્મચારીઓને આટલી બધી ગંદકી અને કચરાના ઢગ દેખાતા નહીં હોય? (તસવીર : કશ્યપ નિમાવત)

## એસ.જી. પ્રાથમિક શાળામાં જીવનમાં મૂલ્યોનું મહત્વ વિષય પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે સવારે ધો-૧ થી ૪ના બાળકો માટે જીવનમાં શાળામાં ધો-૧ થી ૪ના બાળકોને શિક્ષક દ્વારા મદદ, સ્વચ્છતા, પ્રામાણિકતા, આદરભાવ જેવા ગુણોને દર્શાવતા નાટકો અભિનય સાથે મૂલ્ય શિક્ષણ આપતાં નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણ્યા હતા.



મૂલ્યોનું મહત્વ અંતર્ગત કાર્યક્રમ યોજાઈ ગયો. બાળકોએ અભિનય દ્વારા આદર્શો-મૂલ્યોને રજૂ કર્યા. શિક્ષક દ્વારા વાર્તાકથન કરવામાં આવ્યું અને જીવનના મૂલ્યોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. રજૂ કરવામાં આવ્યા હતા. પાંચથી દસ વર્ષનું બાળક મદદ કરવાનો ગુણ, સ્વચ્છતાનો ગુણ, પ્રામાણિકતાનો ગુણ, વડીલો પ્રત્યે આદર રાખવાનો ગુણ વિકસાવે તે હેતુથી બાળકો દ્વારા બાળકોમાં વિદ્યા અને સંસ્કારોને કેળવતું મંદિર છે. જેમાં બાળકનો આંતરિક અને બાહ્ય વિકાસ થાય છે. આદર્શોનું નિર્માણ કરવું અને તેને જીવનમાં સ્થાપિત કરવા એ શાળાનું કર્તવ્યુ છે.

## બીએસસીમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓનો ક્રેઝ ઘટી ગયો

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ સાયન્સ કોલેજમાં પ્રવેશ માટે આ વર્ષે વિદ્યાર્થીઓનો ક્રેજ ઘટ્યો હોય તેવુ લાગી રહ્યું છે. શહેરની ૧૨ સાયન્સ કોલેજોની ૫૫૦૦ જેટલી બેઠક ઉપર હજુ સુધીમાં માત્ર ૧૦૧૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. તે જોતા ચાલુ વર્ષ અરજી કરનાર વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગનાને પ્રવેશ મળી જાય તેવી સ્થિતી સર્જાઈ છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમદાવાદ શહેરની સાત સરકારી અને ગ્રાન્ટેડ સાયન્સ કોલેજોની ૩૩૫૦ બેઠક અને પાંચ સેલ્ફ ફાઈનાન્સ સાયન્સ કોલેજોની ૧૨૦૦ જેટલી બેઠકો મળીને કુલ ૫૫૦૦થી વધુ બેઠકો ઉપર પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ૫૫૦૦ જેટલી બેઠકોમાં ૧૩,૧૩૨ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ એડમિશન કમિટી દ્વારા પ્રથમ ત્રણ દિવસમાં મેરિટ લિસ્ટ પૈકીના ૨૪૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલાવવામાં આવ્યા હતા.

## જૈન સમાજના અપરણિત યુવક યુવતિઓનો પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૬

જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડેરશન ગુજરાત રીજીયન પ્રથમવાર સમાજના યુવક યુવતિઓ માટે પરિચય મેળો-સગપણ સેતુ કાર્યક્રમ યોજશે. આગામી ૨૮ જૂન રવિવાર સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સગપણ સેતુ કાર્યક્રમ યોજાશે. સવારે ૯.૩૦ કલાકે સતિષભાઈ શાહ ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર શુભારંભ કારવશે. પસંદગી મેળામાં ૬૧૭ ઉમેદવારો ઉપસ્થિત રહેશે. તેમજ મુખ્ય મહેમાન તરીકે સુરેશભાઈ કોઠારી, પૂર્વ આંતરરાષ્ટ્રીય પ્રમુખ જેએસજીઆઈએફ, અશોક જૈન, શ્રીમતી કિરણ જૈન, અતિથિવિશેષ તરીકે લલિતભાઈ શાહ, વિનોદભાઈ કોઠારી, કમલકિશોર જૈન, ગૌરાંગભાઈ પટેલ, શૈલેષ પારેખ ઉપસ્થિત રહેશે.

## બ્રહ્મસમાજ યુવા પરિવાર પ્રતિભાશાળી યુવાનોને સન્માનિત કરશે

ગાંધીનગર, તા.૨૬

સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી સરકારી નોકરીમાં ફરજ બજાવતા પરિવારના યુવાનોને સન્માનીત કરશે. શહેરમાં વસવાટ કરતા યુવાનો જેમની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ છે અને સરકાર દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ફરજ બજાવે છે તેવા યુવાનોએ આગામી તા. ૧ જુલાઈ સુધી સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતેથી સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન ફોર્મ મેળવી પરત કરવાનું રહેશે. ત્યાર બાદ બ્રહ્મસમાજ યુવા પરિવાર યુવાનોનો સન્માન સમારોહ યોજશે.

# 'સૂર-શબ્દની સંગીત ચોપાટ' ... તેરી મહેફિલ મેં કિસ્મત આજમા કર હમભી દેખેંગે...

## વોહ જબ યાદ આયેં, બહોત યાદ આયેં... 'સંસ્કૃતિ' સંસ્થાના હિન્દી ફિલ્મી સંગીતનો સોલો, ડ્યુએટ, ટ્રાયો અને કોરસ ગીતોના વૈવિધ્યસભર થીમ પર એક એકથી ચઢિયાતાં મધુર ગીતોની 'સૂરીલી-સાંજ' સાથેની સફરમાં 'વોઈસ ઑફ શમશાદ' સંગતી મહેતા પર શ્રોતાઓ આફરીન થઈ ગયા




હિન્દી ફિલ્મી સંગીતમાં અદ્ભૂત વેરાયટી જોવા મળે છે. કોણ કઈ થીમ પર વિચાર કરે એના પર આધારિત છે... એક જ કલાકાર, સંગીતકાર, ગીતકાર કે ભજન, સૂફી, દેશભક્તિ... જેવા વિષયને લઈને કાર્યક્રમો થયાં છે... પણ આ કાર્યક્રમનું નામ જ 'સૂર-શબ્દની સંગીત ચોપાટ' એટલે કે ફિલ્મી ગીતોના ચાર અલગ પ્રકારના ગીતોની બાજીને રમવાની વાત.. સોલો, ડ્યુએટ, ટ્રાયો અને કૉરસના ચાર ગીતોની છ બાજીના સોગઠાં સાથે ૨૪ ગીતોની નોનસ્ટોપ રજૂઆત, સંગીત અને ગાયકો બધું જ લયબદ્ધ... સૌથી વધુ શાબાશી આપવી પડે, પસંદગીને, અને એ કારણે જ કદાચ કાર્યક્રમ સ્મરણીય બની રહ્યો...

'હિન્દી ફિલ્મ અને ગીતો'નો મલ્ટિ મીડિયા શૉ સાથે એક સુંદર દસ્તાવેજી ચિત્રણ અને ફિલ્મી સંગીતનો અફાટ માહિતીની રજૂઆતથી એક મસ્ત માહોલ જમાની કાર્યક્રમની શરુઆત... 'સૂરીલી સાંજ' ભાવનગર છેલ્લા અઢાર વર્ષથી દર બુધવારે સંગતની મહેફિલ સજાવે છે, આ એમનો ૨૦૪મો શૉ હતો, અને વિષય હતો આપણે સાથે મળી સંગીતની ચોપાટ રમીએ, માણીએ... કાર્યક્રમની પરિકલ્પના, સંગીત સંચાલન અને વોઈસ ઓફ મુકેશ એમ ત્રેવડી ભૂમિકા સાથે સંગીતના આરાધક રાજેશ વૈષ્ણવ અને લાલ, લીલા, ભૂરા, પીળા અને કાળા સોગઠી જેવા રંગના વસ્ત્રોમાં સજ્જ કલાકારોએ સંગીતની ચોપાટ રમવી શરુ કરી...

પહેલી બીજીનું પહેલું સોલો ગીત, મઝરુહ સુલ્તાનપુરી, લક્ષ્મી-પ્યારેની રચના 'મેરે હમદમ મેરે દોસ્ત'નું ચલો સજના જહાં તક ઘટા ચલે, લગાકર મુજે ગલે... ડ્યુએટ સોંગ કમલ બારોટ - લતા મંગેશકરનું 'પારસમણી'નું ફારુખ કૈંસર - લક્ષ્મીપ્યારેનું ક્યારેક સાંભળવું ગમે એવું ગીત 'હંસતા હુઆ નૂરાની ચહેરા, કાલી ઝૂલ્ફેં, સંગ સુનહેરા, તેરી જવાની તોબા તોબા યૈ...'

રફી-સુમન કલ્યાણપુર - મુકેશનું ટ્રાયો ગીત 'દિલને ફીર યાદ કીયા બર્ફ સી લહેરાઈ હૈ, ફિર કોઈ ચોટ મોહબ્બતકી ઊભર આઈ હૈ...' જી.એસ. રાવલના શબ્દો અને સોનીક ઓમીનું સંગીતનું મેમોરેબલ ગીત... કોરસના ગીતમાં 'મધર ઈન્ડિયા'નું ગીત નૌશાદ - શકીલનું સંગીત રચના અને શમશાદ-રફી-મન્નાડે - આશા ભોંસલેના સ્વરનું શ્રેષ્ઠ સર્જન 'દુ:ખ ભરે દિન બીતે રે ભૈયા, અબ સુખ આયો રે, રંગ જીવનમેં નયા લાયો રે... પહેલી બાજીના બધાં જ ગીતો મસ્ત...'

બીજી બાજીનું પ્રથમ સોલો 'પુકારતા ચલા હું મેં, ગલી ગલી બહાર કી, બસ યે છાંવ જુલ્ફ કી, બસ એક નિગાર પ્યાર કી' રફીનું મોજીલું ગીત ઓ.પી. નૈયર - મજરુહની રચના.... 'મિલન' ફિલ્મનું લતા-મુકેશનું ડ્યુએટ આનંદબક્ષી - લક્ષ્મી-પ્યારેની રચના 'સાવન કા મહિના પવન કરે સોર, જીયરારે જુમે જૈસે જૈસે બનમાં નાચે મોર' આ ગીતમાં રાજેશ વૈષ્ણવનો અવાજ બિલકુલ પરફેક્ટ મેચ કરી ગયો...

'સંગમ'નું ટ્રાયો ગીત મહેન્દ્રકપૂર - મુકેશ - લતાનું એવરગ્રીન ગીત શૈલેન્દ્ર-શંકર-જયકિશનની રચના 'હર દિલ જો પ્યાર કરેગા વો ગાના ગાયેગા, દિવાના સેંકડો મેં પહેચાના જાયેગા'.... 'મુગલ-એ-આઝમ' ની કોરસ કવ્વાલી નૌશાદ-શકીલનું સર્જન અને લતા-શમશાદનો અવાજ 'તેરી મહેફિલ મેં કિસ્મત આજમા કર હમભી દખેંગે, ઘડીભર કો તેરે નજદીક આકર હમ ભી દેખેંગે' કાર્યક્રમની શ્રેષ્ઠ રજૂઆત અને વોઈસ ઓફ શમશાદ તરીકે સંગતી મહેતાની ધમાલ રજૂઆતે શ્રોતાઓને ડોલાવ્યા, વન્સમોર પર ફરીથી કવ્વાલી ગવરાવી અને રોકડ પુરસ્કારનો પણ ધોધ વહ્યો...

'મેરે સનમ'નું સોલો ગીત 'જાઈએ આપ કહાં જાયેગી, યહ નજર લૌટ કે ફીર આયેગી' ... રફી-લતાનું ડ્યુએટ લક્ષ્મી-પ્યારેનું સંગીત અને અસદ ભોપાલીના શબ્દો, આજના કાર્યક્રમનું ટાઈટલ સોંગ 'પારસમણી'નું 'વો જબ યાદ આવે, બહોત યાદ આયે, ગમે જિંદગી કે અંધેરે મેં હમને...' બંને ગીતો માણવા જેવા બની રહ્યા...

કિશોર-મન્નાડે-મહેમૂદનું ટ્રાયો સોંગ આર.ડી. બર્મનનું સંગીત અને રાજેન્દ્ર ક્રિષ્નના શબ્દો 'એક ચતૂરનાર કરકે સિંગાર, મેરે મન કે દ્વાર યે ઘુસત જાત, હમ મરત જાત'માં છેલ્લી જૂગલબંધીએ તો કલામ કરી દીધી... આ કાર્યક્રમના રસદર્શન કરાવતાં ખ્યાતિ મહેતાએ હળવી રમૂજોથી વાતાવરણ હળવું ફૂલ રાખ્યું, મજાની વાત એ હતી કે ૬૦ના દસકાના ગીતો સાથે એમની રમૂજો પણ એ જ સમયગાળાની હતી... 'જલબીન મછલી, નૃત્ય બીન બીજલી'નું મુકેશ અને કોરસનું ગીત લક્ષ્મી પ્યારેનું અફલાતૂન સંગીત 'તારોં મેં સજકે, અપને સૂરજ કે દેખો ધરતી ચલી મિલને' મસ્ત રહ્યું...

ચોપાટની ચોથી બાજીનું પ્રથમ સોલો ગીત 'હીરો' ફિલ્મનું રેશમાએ ગાયેલું 'હાંઠો પે આયે, મેરી જાન દુહાઈ, હાયેં લમ્બી જુદાઈ ચાર દિનાકા' આનંદબક્ષી - લક્ષ્મીપ્યારેનું ગીત સદાય સાંભળવું ગમે એવું... ડ્યુએટમાં લતા-મન્નાડેનું 'પરિવાર' ફિલ્મનું શૈલેન્દ્ર-સલિલ ચૌધરીનું ગીત 'જા તોસે નહીં બોલવું કન્હૈયા જા, રાહ ચલત પકડી મોરી બૈયા...' 'મધર ઈન્ડિયા'નું ટ્રાયો ગીત લતા ઉષા -મીના મંગેશકરનું ગાયેલું 'દુનિયામેં હમ આયેં હૈ તો જીના હી પડેગા, જીવન હે અગર ઝહર તો પીના હી પડેગા... ' 'જાગતે રહો'નું કોરસ ગીત 'જાગો મોહન પ્યારે, જાગો, નવયુગ ચૂમે નૈન તિહારે' લતા અને કોરસનું સલિલ ચૌધરીનું સદાય ફ્રેશ રાખતું ગીત અને સરસ પ્રસ્તુતિ....

'લાગા ચૂનરી મેં દાગ છુપાઉં કૈસે, ઘર જાઉં કૈસે' મન્નાડેનું ગાયેલું કલાસિકલ સોલો સોંગ 'દિલ હી તો હૈ' સાહિરના શબ્દો અને રોશનનું સંગીત આ ગીતમાં તબલાં કિ-બોર્ડ અને શાસ્ત્રીય સરગમ માણવા જેવી રહી... ડ્યુએટ સોંગમાં લતા-ઉષાનું જી.એસ. કોહલીના સંગીતું શાસ્ત્રીય રાગ આધારીત 'શિકારી' ફિલ્મનું 'તુમ કો પિયા, દિલ દીયા કિતને નાજ સે, નૈના લડ ગયે, ભોલે ભાલે કૈસે દગાબાજ' સતત ગૂંજતી રહે એવી રચના...

રફી-શમશાદ-આશાનું ટ્રાયો સોંગ 'સી.આઈ.ડી.' ફિલ્મનું ઓ.પી. નૈયરનું સંગીત 'લે કે પહેલા, પહેલા પ્યાર, ભરકે આંખોમેં ખૂમાર, જાદુ નગરી સે આયા હૈ કોઈ જાદુગર' ગીતમાં મોજ આવી ગઈ... 'સત્યમ શિવમ સુંદરમ્' નું લતા-કોરસ ગીત નરેન્દ્ર શર્માના શબ્દો, લક્ષ્મી-પ્યારેનું સંગીત 'ઈશ્વર સત્ય છે, સત્ય હી શિવ હૈ, શિવ હી સુન્દર હૈ...' બિલકુલ ભક્તિમય રચના બની રહી...

સૂર-શબ્દની ચોપાટની છેલ્લી છઠ્ઠી બાજીનું પ્રથમ સોલો ગીત શરુ થતાં પહેલાં તારીખ બદલાઈને ૨૧મી જૂન થઈ ગઈ, અને આ દિવસ એટલે વિશ્વ સંગીત દિવસ.... આજના કાર્યક્રમમાં સંગીત સંગત કરતાં દેવેન્દ્ર મહેતા, ડૉ. નિરવ પંડ્યા, કર્મવીર મહેતા, રવિ કામ્બડ, પ્રાર્થિવ મહેતા, અજીત પરમાર અને રવિ... બધાં જ એમનો રોલ નિભાવવામાં સફળ...

ગાયક વૃંદમાં મુકેશ-રાજેશ વૈષ્ણવ, રફી-દેવેન દવે, મન્નાડે - હિરેન વૈષ્ણવ, કિશોર-હારીત ધોળકીયા, લતા-સુરભિ પરમાર, આશા-જૂઈ ભટ્ટ, શમશાદ-રેશમા, સંગતી મહેતા... આજના કાર્યક્રમનું ટ્રમ્પ કાર્ડ એટલે સંગતી મહેતા, એની ગાયકીનો સૈને ઘેલું લગાડ્યું, કાયમ સાંસ્કૃતિક કાર્યક્રમ જોતા પ્રેક્ષકોને એક નવી દિપ્તી દેસાઈનો ઉદય થયો દેખાયો... કાર્યક્રમનું રસાળ રસદર્શન ખ્યાતિ મહેતાએ કર્યું અને એકસૂત્રતા જાળવી રાખી...

'જાગતે રહો' ફિલ્મનું મુકેશનું સોલો ગીત 'જિંદગી ખ્વાબ હૈ, ખ્વાબ મેં જુઠ કયા, ઔર ભલા સચ હૈ કયા' શૈલેન્દ્ર - સલિલ ચૌધરીનું સુંદર ગીત... લતા-કિશોરનું ડ્યુએટ 'ગાઈડ' ફિલ્મનું એસ.ડી. બર્મન-શૈલેન્દ્રનું હીટ ગીત 'ગાતા રહે મેરા દિલ, તૂહી મેરી મંઝિલ હાયેં, કહી બીયેં ના યે રાતે, કહીં બીતેં ના યે દિલ...' અનવર - સુમન-કમલેશ આવસ્થિનું ટ્રાયો ગીત 'જિંદગી ઈમ્તહાન લેતી હૈ, લોગોં કી જાન લેતી હૈ', નશીબ ફિલ્મનું લક્ષ્મી-પ્યારેનું ગીત... અને ચોપાટની છેલ્લી બાજીનું છેલ્લું ગીત...

'શ્રી૪૨૦' નું શૈલેન્દ્ર - શંકર જયકિશનનું મુકેશ-રફી-લતાનું કોરસ ગીત 'રમૈયા વસ્તા વૈયા, રમૈયા વસ્તા વૈયા, મૈંને દિલ તૂજ કો દિયા' ધમાલ ગીત સાથે કાર્યક્રમ સંપન્ન... સૂર-શબ્દની ચોપાટની રમત સાથેની નવી થીમના સરસ આયોજન માટે ટીમ 'સંસ્કૃતિ' અભિનંદનને પાત્ર છે.... ગીતોની પસંદગી અને રજૂઆત, શમશાદનો અવાજ ઘણાં સમય સુધી ગીતોની યાદ કરાવશે... વો જબ યાદ આયેં, બહોત યાદ આયેં...